પ્રેસ નોટ

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) લિ. તારીખ: ૨૦.૧૧.૨૦૨૬

નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે તા. ૨૧.૧૧.૨૦૨૬ના રોજ દિલજીત દોસાંઝનો લાઇવ મ્યુઝિક કોન્સર્ટ યોજાનાર હોવાથી, GMRC દ્વારા અમદાવાદ અને ગાંધીનગર બંને કોરિડોરમાં મેટ્રો ટ્રેન સેવાઓનો સમય રાત્રે ૧૧:૩૦ કલાક સુધી લંબાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

તા. ૨૧.૧૧.૨૦૨૬ના રોજ લંબાવેલા સમય દરમિયાન અમદાવાદમાં (મોટેરા સ્ટેડિયમથી એપીએમસી તથા થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ) અને ગાંધીનગરમાં (મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર) મેટ્રો ટ્રેન સેવાઓ ઉપલબ્ધ રહેશે. મુસાફરોને પ્રવેશ માત્ર મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી જ મળશે.

GMRC દ્વારા મેટ્રો ટ્રેન સેવાઓનો સમય નીચે મુજબ લંબાવવામાં આવશે:

અનુ. ક્રમ	કોરિડોર	મેટ્રો ટ્રેન સેવાઓનો નિયમિત સમય	મેટ્રો ટ્રેન સેવાઓનો લંબાવેલો સમય	નોંધ - છેલ્લી ટ્રેનનો સમય
૧	અમદાવાદ કોરિડોર (વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ અને એપીએમસીથી કોટેશ્વર રોડ)	સવારે ૬:૨૦ કલાકથી રાત્રે ૧૧:૦૦ કલાક સુધી	સવારે ૬:૨૦ કલાકથી રાત્રે ૧૧:૩૦ કલાક સુધી	રાત્રે ૧૧:૩૦ કલાકે – મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશનથી અમદાવાદ કોરિડોરનાં તમામ ચાલુ સ્ટેશનો સુધી છેલ્લી ટ્રેન
૨	ગાંધીનગર કોરિડોર (મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર)	સવારે ૬:૫૨ કલાકથી રાત્રે ૯:૧૭ કલાક સુધી	માત્ર ત્રણ ટ્રિપ (રાત્રે ૧૦:૩૦, ૧૧:૦૦ અને ૧૧:૩૦ કલાકે)	રાત્રે ૧૧:૩૦ કલાકે – મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર સુધી છેલ્લી ટ્રેન

મુસાફરો મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી અમદાવાદના બંને કોરિડોર (મોટેરા સ્ટેડિયમથી એપીએમસી અને વસ્ત્રાલ ગામથી થલતેજ ગામ) તથા ગાંધીનગર કોરિડોર (મોટેરા સ્ટેડિયમથી મહાત્મા મંદિર)નાં કોઈપણ ચાલુ સ્ટેશન સુધી મુસાફરી કરી શકશે.

આ ઉપરાંત, મુસાફરોને સુવિધા મળી રહે અને પરત મુસાફરી સરળતાથી થઈ શકે તે હેતુથી, GMRC દ્વારા તા. ૨૧.૧૧.૨૦૨૬ના રોજ પરત મુસાફરી માટે સ્પેશિયલ પેપર ટિકિટ બહાર પાડવામાં આવી છે.

સ્પેશિયલ પેપર ટિકિટની મુખ્ય વિશેષતાઓ નીચે મુજબ છે:

૧. સ્પેશિયલ પેપર ટિકિટનો દર પ્રતિ વ્યક્તિ રૂ. ૫૦ (ફ્લેટ) રહેશે. આ ટિકિટ દ્વારા મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનથી અમદાવાદ તથા ગાંધીનગર બંને કોરિડોરનાં કોઈપણ ચાલુ સ્ટેશન સુધી મુસાફરી કરી શકાશે.

૨. કોન્ટેક્ટલેસ સ્માર્ટ ટોકન, કોન્ટેક્ટલેસ સ્માર્ટ કાર્ડ (GMRC ટ્રાવેલ કાર્ડ અને NCMC કાર્ડ), QR ડિજિટલ ટિકિટ તથા QR પેપર ટિકિટ દ્વારા નિયમિત ભાડા મુજબ પ્રવેશની સુવિધા રાત્રે ૧૧:૦૦ કલાક સુધી ઉપલબ્ધ રહેશે. કિયોસ્ક, ટોકન વેન્ડિંગ મશીન, ટિકિટ કાઉન્ટર અથવા મોબાઇલ એપ્લિકેશન દ્વારા પરત મુસાફરી માટે અગાઉથી ખરીદેલી કોઈપણ ટિકિટ (QR/ટોકન) રાત્રે ૧૧:૦૦ કલાક પછી માન્ય રહેશે નહીં.

૩. રાત્રે ૧૧:૦૦ કલાક પછી મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી પ્રવેશ માટે માત્ર સ્પેશિયલ પેપર ટિકિટ જ માન્ય રહેશે.